EDII

Navgujarat Samay

July 1, 2016
Page No. 5

# EDI બાયોટેક્નોલોજી ક્ષેત્રે વેપાર કરવા તાલીમ આપશે

**અમદાવાદઃ** બાયોટેક્નોલોજી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો આ ક્ષેત્રે ઉપલબ્ધ વ્યાપારની તકોને સમજી શકે તે આશયથી આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા દ્વારા ભાવિ ઉદ્યોગસાહસિકોને બિઝનેસની તાલીમ અપાશે. અત્યાર સુધીમાં ઇડીઆઇ ખાતે તાલીમ મેળવનાર કુલ 28 વિદ્યાર્થીઓમાંથી 14 વિદ્યાર્થીઓએ પોતાનું સ્ટાર્ટ-અપ શરૂ કર્યું છે. બાયોટેક્નોપ્રોન્યોર પ્રોગ્રામના પ્રોગ્રામ ડિરેક્ટર બિપિન શાહે જણાવ્યું હતું કે, "આ ક્ષેત્રે આગળ વધવા માટે બાયોટેક્નોલોજીનું ઉંડાણપૂર્વક જ્ઞાન હોવું ખૂબ જ જરૂરી છે.